ગાંધીધામ મહાનગરપાલિકા

પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧

તા.૦૧/૦૧/૨૦૨૬

"અખબારી યાદી"

**ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આદિપુર ખાતે શાક માર્કેટનું શુભારંભ તથા ગાંધીધામ ખાતે જર્જરિત વેજીટેબલ માર્કેટનું થનાર રી ડેવલોપમેન્ટ નું કામ.**

**(૧)** આજરોજ ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આદિપુર ખાતે વોર્ડ ૧/એ વિસ્તારના બારવાળી સામે આવેલ શાક માર્કેટ અંદાજીત ૨.૫ કરોડના ખર્ચે નવી બનાવવાનો શુભારંભ ગાંધીધામ વિધાનસભાના માન.ધારાસભ્ય શ્રીમતિ માલતીબેન મહેશ્વરી તથા ગાંધીધામ મહાનગરપાલિકાના માન.કમિશનરશ્રી મનીષ ગુરવાની ના વરદ હસ્તે કરવામાં આવશે. આ શાક માર્કેટમાં અંદાજીત ૧૦૦ થી વધારે સ્ટોલ/પ્લેટફોર્મ તથા વોશરૂમ, પીવાના પાણી, પાર્કિંગ વિગેરે વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવશે.

**(૨)** વધુમાં, ગાંધીધામ ખાતે જૂની કોર્ટની સામે આવેલ જર્જરિત વેજીટેબલ માર્કેટના રીડેવલપમેન્ટ માટે મહાનગરપાલિકા દ્વારા PGVCL ને સી.એસ.આર હેઠળ ફંડ ફાળવવા દરખાસ્ત કરવામાં આવેલ હતી, જે દરખાસ્ત ને PGVCL દ્વારા સૈધાંતિક મંજુરી આપવામાં આવેલ છે. જેમાં ૪૮-દુકાનો, ૩૬-સ્ટોલ, ૬૪-થલ્લા અંદાજીત ૫.૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવનાર છે, જેનું ટૂંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. તેવું મહાનગરપાલિકાની અખબારયાદીમાં જણાવવામાં આવે છે.

**જનસંપર્ક અધિકારી**